13 જૂન,2020/6265

**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer

**શ્રી વિજયભાઇ રૂપાણી**
**માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**
**ગાંધીનગર**

**વિષય: વેપાર -ઉદ્યોગોની બેંક ગેરંટીઓ જેની સમય મર્યાદા પુરી થઇ ગઈ હોય તેને સત્વરે પરત કરવા અંગે**

આદરણીય મુખ્યમંત્રીશ્રી,

આપશ્રી સુવિદિત છો એમ લોકડાઉન પછી હવે ગુજરાત ના વેપાર ઉદ્યોગો આપણા અર્થતંત્ર ને વેગવંતું કરવા ફરી કાર્યશીલ થયા છે. ગુજરાત ચેમ્બર દ્વારા ઉદ્યોગ કમીશ્નરશ્રી ની કચેરીમાં તા.11/05/2020 ના રોજ પત્રમાં તથા આપશ્રી ને તા.25/05/2020 ના રોજ COVID -19 ને કારણે લોકડાઉન પછી વેપાર- ઉદ્યોગને સહાય આપવા અંગે મોકલાવેલ સૂચનોમાં પણ સરકારશ્રી ના વિવિધ બોર્ડ /કોર્પોરેશન /ખાનગી વિભાગો દ્વારા ઉદ્યોગો પાસેથી લેવામાં આવેલ બેંક ગેરંટીઓ જેની મુદત વિત્યા બાદ પણ હજુ સુધી પરત કરવામાં આવેલ નથી તે અંગે રજુઆત કરેલ છે.

ઉપરોક્ત વિષય માં અમને અમારા સભ્ય એસોસિએશન " મસકતી કલોથ માર્કેટ મહાજન " એ પણ GPCB દ્વારા લેવામાં આવેલ બેંક ગેરંટીઓ પરત કરવા અંગે રજુઆત મોકલેલ છે જે આપણા જાણ સારુ અત્રે બીડેલ છે.

હાલના આ કપરા સમય ને ધ્યાન માં રાખતા જો આ બેંક ગેરંટીઓની રકમ પાછી મેળવવામાં ઝડપી સહાય થાય તો વેપાર ઉદ્યોગો ને આ મહામારીના આર્થિક ફટકા ને પહોંચી વળવામાં ઘણી મદદ મળી રહેશે.

અમને ખાત્રી છે કે રાજ્ય ના અર્થતંત્રના વિશાળ હિત ને ધ્યાન માં રાખી આપશ્રી આ અંગે ત્વરિત સકારાત્મક નિર્ણય લેશો.

આપનો વિશ્વાસુ,

દુર્ગેશ બુચ
પ્રમુખ

બીડાણ : ઉપર મુજબ

નકલ રવાના
1. શ્રી અનિલ મુકીમ ,IAS, મુખ્ય સચિવ ,ગુજરાત રાજ્ય
2. ડૉ રાહુલ ગુપ્તા ,IAS,માનનીય ઉદ્યોગ કમીશ્નરશ્રી , ઉદ્યોગ કમીશ્નરશ્રી ની કચેરી
3. શ્રી ગૌરાંગ ભગત ,મસ્કતી કલોથ માર્કેટ એસોસિએશન

# Maskati Cloth Market Association
# મસ્કતી કાપડ મારકેટ મહાજન

સ્થાપના : સને ૧૯૦૬

President : Gaurang Ramprasad Bhagat | Vice President : Kantilal Bhanwarlal Kothari | Hon. Secretary : Nareshkumar Ramgopal Sharma | Jt. Hon. Secretary : Jitendrakumar Lalbhai Shah | Treasure : Kumarpal Himatmal Jain


**MARKET ANALYSIS & ARBITRATION COMMITTEE (MAAC)**
(Sub. Committee of Mahajan Managing Committee)
Kantilal Sanghvi (Convener)

પ્રતિ,
તારીખ:૧૧-૬-૨૦૨૦

પ્રમુખશ્રી
ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
આશ્રમરોડ,
અમદાવાદ:

**વિષય:** જુદા જુદા બોર્ડ/કોર્પોરેશન તથા સરકારી વિભાગમાં પ્રા. કંપનીઓ દ્વારા લીધેલ બેંક ગેરંટીઓ સમય બહાર થઈ ગયેલ હોઈ તેવી બેંક ગેરંટીઓ પરત કરવા બાબત.

---

મે. સાહેબ,

સવિનય જણાવવાનું કે અમારા મહાજનના મતાદારભાઈઓ તથા ઈન્ડસ્ટ્રી દ્વારા સરકારશ્રીના બોર્ડ/કોર્પોરેશનમાં જુદી જુદી ચીજવસ્તુઓ ખરીદ કરવા માટે તથા GPCB કોમ્પ્લાયન્સ સાથે આપેલ બેંક ગેરંટીઓ જે તે સમયમાં લીધેલ હોય અને કોઈપણ કારણોસર તેવી બેંક ગેરંટીઓ સમય બહાર થઈ ગયેલ છે તેવી બેંક ગેરંટીઓ સત્વરે પરત આપવા યોગ્ય રજુઆત કરવા વિનંતી છે. આમ આ કપરા સમયમાં આર્થિક સહકાર આપવા યોગ્ય કરશોજી.

આપના સહકારની અપેક્ષા સહ,

GCCI
12 JUN 2020
Inw. No. 438

ગૌરાંગ ભગત
( ગૌરાંગ ભગત)
પ્રમુખ
મસ્કતી કાપડ મહાજન


Reg. Off. 42, Maskati Cloth Market, Railwaypura, Ahmedabad-380 002. Ph. : 079 - 22135342
E-mail : maskatimahajan1906@gmail.com - www.maskaticlothmahajan.org
Admin Off. Maskati Mahajan Hall, 2nd Floor, Gate No. 2, New Cloth Market, Ahmedabad-380 002. Ph. : 079 - 22172232